**<u>એનએચએસઆરસીએલ (NHSRCL)</u>**

**<u>માહિતીનાં અધિકારનાં (આરટીઆઇ) અધિનિયમની કલમ 4(1)(બી) અંતર્ગત વિગતો</u>**

**I. સંસ્થાનાં વિવરણો, એનએચએસઆરસીએલનાં કાર્યો અને ફરજો**

વેબસાઇટ પર '<u>અમારા વિશે</u>' શીર્ષક હેઠળ વિગતો ઉપલબ્ધ છે.

**II. તેનાં અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો**

કંપનીનાં અધિકારીઓ અને કર્મચારીઓ કંપનીનાં પ્રોજેક્ટનાં અમલીકરણ / વ્યાપાર કામગીરીઓ માટે આવશ્યક વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. આ સત્તાઓ અને ફરજો મુખ્યત્વે તેઓની નોકરીનાં વિવરણો, નિમણૂકની શરતો અને નિયમો અને કંપનીની અંદર સત્તાનાં પ્રતિનિધિ મંડળમાંથી ઉદ્ભવે છે.

**III. સુપરવિઝન અને જવાબદારીની ચેનલો સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવામાં આવતી પ્રક્રિયા**

<u>બૉર્ડનું માળખુ અને નિર્ણય લેતી વખતે અનુસરવામાં આવતી પ્રક્રિયા</u>

**બૉર્ડ ઑફ ડાઇરેક્ટર્સ**

⇩

**મેનેજિંગ ડાઇરેક્ટર**

⇩

**ફંક્શનલ ડાઇરેક્ટર્સ**

⇩

**ઇડી, જીએમ અને ફંક્શનલ હેડ્સ અને એક્ઝીક્યુટિવ્સ**

એનએચએસઆરસીએલની સંસ્થાપના એક સંયુક્ત સાહસ તરીકે ભારત સરકાર, મહારાષ્ટ્ર સરકાર અને ગુજરાત સરકાર દ્વારા અનુક્રમે 50:25:25 ગુણોત્તરમાં ઇક્વિટી સહભાગીતા સાથે કરવામાં આવી છે.

આ કંપનીનો વહીવટ તેનાં બૉર્ડ ઑફ ડાઇરેક્ટર્સ (બીઓડી) દ્વારા કરવામાં આવે છે જેમાં ફંક્શનલ ડાઇરેક્ટરો અને સરકાર દ્વારા નામાંકિત ડાઇરેક્ટરોનો સમાવેશ થાય છે. બીઓડી આ કંપનીની સર્વોચ્ચ નિર્ણય લેનારી બોડી છે જે કંપનીઓનાં અધિનિયમ અંતર્ગત અને કંપનીનાં સંગઠનની સમજૂતિ અને કલમોને આધીન કંપની જે કોઇ બાબતો કરવા અધિકૃત છે તેવી તમામ સત્તાઓનો ઉપયોગ કરવા અને તેવા તમામ કાર્યો અને બાબતો કરવા માટે હકદાર છે.

બૉર્ડને સોંપવામાં આવેલી કેન્દ્રવર્તી જવાબદારીમાં હિસ્સેદારોનાં મૂલ્યોની સુરક્ષા અને સુધારણાનો સમાવેશ થાય છે. આ બૉર્ડ ખાતરી કરે છે કે કંપનીની બાબતોનું વ્યવસ્થાપન વ્યાપક પણે સમાજ સહિત તમામ હિતધારકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા તરફ દોરી જાય.

કંપનીનું દૈનિક વ્યવસ્થાપન મેનેજિંગ ડાઇરેક્ટર (એમડી) ને સુપરત કરેલું છે જેઓને હાલમાં ચાર ફંક્શનલ ડાઇરેક્ટરો એટલે કે, ડાઇરેક્ટર પ્રોજેક્ટસ, ડાઇરેક્ટર ફાયનાન્સ, ડાઇરેક્ટર રોલિંગ સ્ટોક અને ડાઇરેક્ટર ઇલેક્ટ્રિકલ અને સીસ્ટમ્સ દ્વારા સહાય કરવામાં આવે છે. તમામ ફંક્શનલ ડાઇરેક્ટરો બીઓડીને જવાબદેય છે.

કંપનીઓનાં અધિનિયમ અને કંપનીનાં સંગઠનની કલમોની કલમ 146 ને આધીન બીઓડી દ્વારા ઉપયોગમાં લઇ શકાય તેવી સત્તાઓ એમડીને આપવામાં આવી છે. કંપનીનાં કોઇપણ ફંક્શનલ ડાઇરેક્ટર / અધિકારી કે કર્મચારીને એમડી તેની સત્તાઓ આપવા માટે અધિકૃત છે.

## IV. તેનાં કાર્યોનો નિકાલ કરવા માટે તેનાં દ્વારા સ્થાપિત ધારાધોરણો

કંપની દ્વારા કોઇ ચોક્કસ ધારાધોરણો સ્થાપિત કરવામાં આવ્યા નથી તેમ છતા, પ્રોજેક્ટ અને તેને સંબંધિત સમસ્યાઓ પર ઝડપથી કાર્ય કરવા માટે પ્રયાસો કરવામાં આવે છે.

## V. કંપનીનાં કાર્યો ઉકેલવા માટે કંપની પાસે રહેલા અથવા તેનાં નિયંત્રણ હેઠળ રહેલા અથવા તેનાં કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા નિયમો, નિયમનો, સૂચનાઓ, માહિતી પુસ્તિકાઓ અને રેકોર્ડ્સ

કંપનીનાં કર્મચારીઓ દ્વારા તેઓનાં કાર્યો ઉકેલવા માટે નીચેનાં નિયમો, નિયમનો. માહિતી પુસ્તિકાઓ અને રેકોર્ડ્સ ઉપયોગમાં લેવામાં આવે છે:

- રેલ્વે અધિનિયમ, 1989
- સંગઠનની સમજૂતિ અને કલમો
- સમાવિષ્ટ દસ્તાવેજો
- એકાઉન્ટિંગની નીતિઓ
- એકાઉન્ટિંગ માપદંડો
- સાનુકૂળતા અહેવાલ
- ડ્રોઇંગ અને ડીઝાઇન સ્પેસિફિકેશનો
- શેડ્યૂલ ઑફ ડાઇમેન્શન્સ (એસઓડી)
- કરારની શરતો
- ટેન્ડર દસ્તાવેજો
- ટેકનિકલ વિગતો

## VI. કંપની પાસે રહેલા અથવા તેનાં નિયંત્રણમાં રહેલા દસ્તાવેજોની કેટેગરીઓનું સ્ટેટમેન્ટ

કંપની પાસે અથવા તેનાં નિયંત્રણમાં નીચેનાં દસ્તાવેજો રહેલા છે:

- સંગઠનની સમજૂતિ અને કલમો
- સમાવિષ્ટ દસ્તાવેજો
- કંપનીઓનાં અધિનિયમ અંતર્ગત કાનૂની રજીસ્ટરો
- વાર્ષિક અહેવાલ
- વાર્ષિક રીટર્ન
- કોર્પોરેટ અફેર્સ મંત્રાલય તરફ ભરવામાં આવેલા રીટર્ન અને પત્રકો
- વાર્ષિક ફાયનાન્શિયલ સ્ટેટમેન્ટ્સ
- ઓડિટરનો રીપોર્ટ
- ખાતાવહીઓ
- કરવેરા રીટર્ન અને સંબંધિત દસ્તાવેજો
- ટેન્ડરનાં દસ્તાવેજો
- સ્પેસિફિકેશનો અને ડ્રોઇંગ
- સાનુકૂળતા અહેવાલો અને ટેકનિકલ વિગતો
- સહાયક – પર્યાવરણીય પ્રભાવ આકારણી અહેવાલ
- સોશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (એસઆઇએ) રીપોર્ટ / રીસેટલમેન્ટ એક્શન પ્લાન (આરએપી) રીપોર્ટ
- ઇન્ડિજીનીયસ પીપલ પ્લાન (આઇપીપી) રીપોર્ટ

VII. **નીતિઓ ઘડવા કે તેઓનાં અમલીકરણ સાથેનાં સંબંધમાં જાહેર જનતાનાં સભ્યોનાં પરામર્શ કે પ્રતિનિધિત્વ માટે પ્રવર્તમાન હોય તેવી કોઇપણ વ્યવસ્થાઓનાં વિવરણો**

કંપનીએ પુનઃસ્થાપન અને પુનર્વસન (આરએન્ડઆર) હેતું માટે ગોઠવણથી અસરગ્રસ્ત ગામડાઓમાં હિતધારકો સાથે પરામર્શનું આયોજન કર્યું છે. વેબસાઇટ પર સોશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (એસઆઇએ), પુનર્વસન એક્શન પ્લાન (આરએપી), અને ઇન્ડિજીનીયસ પીપલ્સ પ્લાન (આઇપીપી) રીપોર્ટ પ્રકાશિત કર્યા છે.

VIII. **પોતાનાં ભાગ રૂપે અથવા તેની સલાહનાં હેતું માટે ગઠન કરવામાં આવેલા બૉર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને બે કે વધારે લોકો સમાવતી અન્ય સંસ્થાઓનું સ્ટેટમેન્ટ, અને તે બૉર્ડ, કાઉન્સિલો, સમિતિઓ અને અન્ય સંસ્થાઓની સભાઓ જાહેર જનતા માટે ખુલ્લી છે કે નહીં, અથવા જાહેર જનતા માટે આવી સભાઓની મિનીટો પ્રાપ્ય છે કે નહીં**

કંપનીનાં સંગઠનની કલમો પ્રમાણે, બૉર્ડ ઑફ ડાઇરેક્ટર્સ ઓછામાં ઓછા ત્રણ ડાઇરેક્ટરો અને વધારેમાં વધારે પંદર ડાઇરેક્ટરો ધરાવી શકે છે.

કંપનીનાં બૉર્ડ ઑફ ડાઇરેક્ટર્સની હાલની સંખ્યા નવ છે, જેમાં પાંચ ફંક્શનલ ડાઇરેક્ટરો, તા.ક. મેનેજિંગ ડાઇરેક્ટર, ડાઇરેક્ટર પ્રોજેક્ટ્સ, ડાઇરેક્ટર ફાયનાન્સ, ડાઇરેક્ટર રોલિંગ સ્ટેક અને ડાઇરેક્ટર ઇલેક્ટ્રિકલ અને સીસ્ટમ્સ; અને ભારત સરકાર દ્વારા નામાંકિત ત્રણ પાર્ટ-ટાઇમ અધિકૃત ડાઇરેક્ટરો (ચેરમેન સહિત) અને ગુજરાત સરકાર દ્વારા નામાંકિત એક અધિકૃત ડાઇરેક્ટરનો સમાવેશ થાય છે.

હાલનાં ડાઇરેક્ટરોની યાદી નીચે આપેલી છે:

ડાઇરેક્ટરોની યાદી

| | |
|---|---|
| 1 | શ્રી વિનોદ કુમાર યાદવ<br>રેલ્વે બૉર્ડનાં ચેરમેન અને એનએચએસઆરસીએલનાં પાર્ટ ટાઇમ એક્સ-ઓફિશિયો ચેરમેન |
| 2 | શ્રી અચલ ખરે<br>મેનેજિંગ ડાઇરેક્ટર, એનએચએસઆરસીએલ |
| 3 | શ્રી રાજેન્દ્ર પ્રસાદ<br>ડાઇરેક્ટર પ્રોજેક્ટ્સ, એનએચએસઆરસીએલ |
| 4 | શ્રી અરુણ બિજલવાન<br>ડાઇરેક્ટર ફાયનાન્સ, એનએચએસઆરસીએલ |
| 5 | શ્રી વિજય કુમાર,<br>ડાઇરેક્ટર રોલિંગ સ્ટોક, એનએચએસઆરસીએલ |
| 6 | શ્રી સંદીપ કુમાર,<br>ડાઇરેક્ટર ઇલેક્ટ્રિકલ અને સીસ્ટમ્સ, એનએચએસઆરસીએલ |
| 7 | શ્રી રવિન્દ્રનાથ સિંઘ<br>પાર્ટ-ટાઇમ (અધિકૃત) ડાઇરેક્ટર, એનએચએસઆરસીએલ અને પીઇડી (ઇન્ફ્રા), રેલ્વે બૉર્ડ |
| 8 | શ્રીમતિ અંજુ રંજન<br>પાર્ટ ટાઇમ (અધિકૃત) ડાઇરેક્ટર, એનએચએસઆરસીએલ અને એક્ઝીક્યુટિવ ડાઇરેક્ટર ફાઇનાન્સ (એક્સપેન્ડિચર – I), રેલ્વે બૉર્ડ |
| 9 | શ્રી પ્રભાત કુમાર રમણલાલ પટેલિયા,<br>પાર્ટ ટાઇમ (અધિકૃત) ડાઇરેક્ટર, એનએચએસઆરસીએલ અને ચીફ એન્જિનીયર (નેશનલ હાઇવે) અને અધિક સચિવ, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર |

બૉર્ડની સમિતિઓ – કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સિબિલિટી કમિટી

સીએસઆસ કમિટીનું વર્તમાન સંઘટન

| | | | |
|---|---|---|---|
| 1 | શ્રીમતિ અંજુ રંજન<br>પાર્ટ-ટાઇમ (અધિકૃત) ડાઇરેક્ટર | -- | ચેરપર્સન |
| 2 | શ્રીમાન રાજેન્દ્ર પ્રસાદ<br>ડાઇરેક્ટર પ્રોજેક્ટ્સ, એનએચએસઆરસીએલ | -- | સભ્ય |
| 3 | શ્રીમાન અરુણ બિજલવાન<br>ડાઇરેક્ટર ફાયનાન્સ, એનએચએસઆરસીએલ | -- | સભ્ય |

બૉર્ડ ઑફ ડાઇરેક્ટર્સ અને તેની સમિતિ(ઓ)ની સભાઓ જાહેર જનતા માટે ખુલ્લી નથી.

**IX. તેનાં અધિકારીઓ અને કર્મચારીઓની માર્ગદર્શિકા**

વેબસાઇટ પર માર્ગદર્શિકા પ્રદાન કરવામાં આવી છે.

**X. નિયમોમાં પ્રદાન થયેલ વળતરની સિસ્ટમ સહિત તેના અધિકારીઓ અને કર્મચારીઓના દરેક દ્વારા મેળવેલા માસિક મહેનતાણું**

કંપની હાલમાં ઇન્ડસ્ટ્રીયલ ડીયરનેસ એલાઉન્સ (આઇડીએ) અંતર્ગત આવરીત કર્મચારીઓ માટે 3મું ચૂકવણી પુનરાવર્તન સમિતિની ભલામણો (શેડ્યૂલ 'એ' કંપનીઓ માટે લાગું મુજબ અને સેન્ટ્રલ ડીયરનેસ એલાઉન્સ (સીડીએ) અંતર્ગત કર્મચારીઓ માટે 7મું સેન્ટ્રલ પગાર કમિશનનાં અહેવાલની ભલામણ મુજબ મહેનતાણુ ચૂકવે છે.

તેવી રીતે, અધિકારીઓ અને કર્મચારીઓને મળતું માસિક મહેનતાણુ નીચે મુજબ છે:

| અનુ. નં. | હોદ્દાઓ | ચૂકવણી સ્કેલ (આઇડીએ) – 3જું પીઆરસી |
|---|---|---|
| 1 | મેનેજિંગ ડાઇરેક્ટર | 2,00,000-3,70,000 |
| 2 | ડાઇરેક્ટર | 1,80,000-3,40,000 |
| 3 | એક્ઝીક્યુટિવ ડાઇરેક્ટર | 1,50,000-3,00,000 |
| 4 | જનરલ મેનેજર | 1,20,000-2,80,000 |
| 5 | એડિશનલ જનરલ મેનેજર | 1,00,000-2,60,000 |
| 6 | જોઇન્ટ જનરલ મેનેજર | 90,000-2,40,000 |
| 7 | ડેપ્યુટી જનરલ મેનેજર | 80,000-2,20,000 |
| 8 | સીનિયર મેનેજર | 70,000-2,00,000 |
| 9 | મેનેજર | 60,000-1,80,000 |
| 10 | આસિસ્ટન્ટ મેનેજર | 50,000-1,60,000 |
| 11 | સીનિયર એક્ઝીક્યુટિવ | 40,000-1,40,000 |
| 12 | એક્ઝીક્યુટિવ | 30,000-1,20,000 |

| અનુ. નં. | હોદ્દાઓ | ચૂકવણી સ્કેલ (સીડીએ) | |
|---|---|---|---|
| | | 6ઠ્ઠું સીપીસી | 7મું સીપીસી |
| 1 | સીનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડ (એસએજી) | જીપી – 10000 | લેવલ 14, 144200-218200 |
| 2 | સીલેક્શન ગ્રેડ (એસજી) | જીપી – 8900 | લેવલ 13એ, 131100-216600 |
| 3 | સીલેક્શન ગ્રેડ (એસજી) | જીપી – 8700 | લેવલ 13, 123100-215900 |
| 4 | જુનિ. એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડ (જેએજી) | જીપી – 7600 | લેવલ 12, 78800-209200 |
| 5 | સીનિયર સ્કેલ (એસએસ) | જીપી – 6600 | લેવલ 11, 67700-208700 |
| 6 | જુનિયર સ્કેલ અને ગ્રુપ ‘બી’ | જીપી – 5400 અને 4800 | લેવલ 08, 09, અને 10 47600-151100, 53100-167800, અને 56100-177500 |
| 7 | સીનિયર સુપરવાઇઝર વગેરે | જીપી – 4600 | લેવલ 07, 44900-142400 |
| 8 | સુપરવાઇઝર | જીપી – 4200 | લેવલ 06, 35400-112400 |
| 9 | ટેક્નિશિયન વગેરે. | જીપી – 2800 | લેવલ 05, 29200-92300 |

વાર્ષિક વધારો બેઝિક ચૂકવણીનાં 3% છે. ઉપર જણાવ્યા ઉપરાંત, કંપનીનાં નિયમ મુજબ લાગું પડતા ભથ્થાઓ અને ભરપાઇઓ, રજા, નિવૃત્તિ લાભો, પ્રોવિડન્ટ ફંડ વગેરે પણ મળવાપાત્ર છે.

**XI. તમામ આયોજનો, પ્રસ્તાવિત ખર્ચાઓ અને કરવામાં આવેલી ચૂકવણીઓ પરનાં અહેવાલોની વિગતો સૂચવતું તેની દરેક એજન્સીને ફાળવવામાં આવેલું બજેટ**


એનએચએસઆરસીએલની અન્ય કોઇ એજન્સીઓ નથી, તેથી કોઇ વિગતો આપવામાં આવેલી નથી.

**XII. સબસિડી કાર્યક્રમો પાર પાડવાની રીત, ફાળવવામાં આવેલી રકમો અને આવા કાર્યક્રમોનાં લાભાર્થીઓની વિગતો સહિત**

કંપની જાહેર જનતા માટે કોઇ સબસિડી કાર્યક્રમ ધરાવતી નથી.

આ કંપનીની રચના મહારાષ્ટ્ર રાજ્ય અને ગુજરાત રાજ્ય વચ્ચે અને/અથવા અન્ય કોઇ વિસ્તારો માટે હાઇ સ્પીડ રેલ જોડાણનાં અમલીકરણ માટે કરવામાં આવી છે.

મુંબઇ શહેર, મહારાષ્ટ્ર અને અમદાવાદ શહેર, ગુજરાત વચ્ચેનું હાઇ સ્પીડ રેલ જોડાણ જાપાન સરકાર સાથેનાં સહયોગમાં છે. આ પ્રોજેક્ટનો અંદાજીત ખર્ચ આશરે રૂ. 1,08,000 કરોડ (રૂપ્યા એક લાખ આઠ હજાર કરોડ) છે.



XIII. **આપવામાં આવતી રાહતો, પરવાનગીઓ કે અધિકૃત્તતાઓ મેળવનારાઓનાં વિવરણો**

કંપનીએ કોઇ રાહતો, પરવાનગીઓ કે અધિકૃત્તતાઓ આપી નથી.

XIV. **ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં બદલેલી કંપની પાસે ઉપલબ્ધ અથવા કંપની પાસે રહેલી માહિતી સંબંધિત વિગતો**

ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં કંપનીની વેબસાઇટ પર નીચેનાં દસ્તાવેજો ઉપલબ્ધ છે:

- સાનુકૂળતા અહેવાલ
- ટેકનિકલ વિગતો
- સહાયક - પર્યાવરણીય પ્રભાવ આકારણી અહેવાલ
- સોશિયલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ (એસઆઇએ)/ રીસેટલમેન્ટ એક્શન પ્લાન (આરએપી) અને ઇન્ડિજીનીયસ પીપલ પ્લાન (આઇપીપી) અહેવાલો
- પ્રસ્તાવિત રૂટનો નકશો
- આમંત્રિત અને ફાળવવામાં આવેલા ટેન્ડરો
- વાર્ષિક અહેવાલો

XV. **માહિતી મેળવવા માટે નાગરિકો માટે ઉપલબ્ધ સુવિધાઓનાં વિવરણો, જો જાહેર ઉપયોગ માટે જાળવવામાં આવતા હોય તો પુસ્તકાલય અથવા વાંચન ખંડનાં કામકાજનાં કલાકો સહિત**

ઇચ્છનિય માહિતી માટે કંપનીની વેબસાઇટ www.nhsrcl.in નો સંદર્ભ લઇ શકાય છે. જો વેબસાઇટ પર ઇચ્છનિય માહિતી ઉપલબ્ધ ન હોય, તો તેને શ્રીમાન નિશાંક ભાનુ, એએમ/કમ્યુનિક્શન પાસેથી લેખિતમાં માંગી શકાય છે. જો આવશ્યક માહિતી ઉપલબ્ધ હોય અને પ્રદાન કરી શકાય, તો તેને વાજબી સમયમાં પ્રદાન કરવામાં આવશે.

માહિતીનાં અધિકારનાં અધિનિયમ, 2005 અંતર્ગત કોઇપણ માહિતી મેળવવા માંગતા ભારતનાં કોઇપણ નાગરિક પબ્લિક ઇન્ફર્મેશન ઓફિસર (પીઆઇઓ) / આસિસ્ટન્ટ પબ્લિક ઇન્ફર્મેશન ઓફિસર (એપીઆઇઓ) ને લેખિતમાં સંબોધિત કરીને વિનંતી કરી શકે છે. જાહેર જનતાની સગવડતા માટે, કંપનીની વેબસાઇટ પર 'આરટીઆઇ' શીર્ષક હેઠળ 'નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડને કેવી રીતે આરટીઆઇ અરજી ભરવી' આપવામાં આવેલ છે.

કંપની જાહેર જનતા માટે કોઇ પુસ્તકાલયની સુવિધા ધરાવતી નથી.

XVI. **સેન્ટ્રલ પબ્લિક ઇન્ફર્મેશન ઓફિસરોનાં નામો, હોદ્દાઓ અને અન્ય વિવરણો**

પબ્લિક ઇન્ફર્મેશન ઓફિસર (પીઆઇઓ) / આસિસ્ટન્ટ પબ્લિક ઇન્ફર્મેશન ઓફિસર (એપીઆઇઓ) / એપેલેટ ઓથોરિટીની સંપર્ક વિગતો કંપનીની વેબસાઇટ પર 'આરટીઆઇ' શીર્ષક હેઠળ આપવામાં આવી છે.